અનુસૂચિત જાતિની કન્યાઓને કુંવરબાઇનું મામેરૂ યોજનામાં આપવામાં આવતી સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૩૦૮/ન.બા.૩૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૪/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૭/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૩૦૮/ન.બા.૩૧/ગ

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૪/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૧૧/૧૧૯/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૫/૧૧/૨૦૧૧નો પત્ર ક્રમાંકઃ અજાક/મ/૫/૮૮૦૩ થી ૮૮૦૪

**ઠરાવઃ-**

અનુસૂચિત જાતિની કન્યાઓને તેમના લગ્ન પ્રસંગે સહાય આપવા માટે કુંવરબાઇનું મામેરૂ યોજના અમલમાં છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક(૧) પરના તા.૦૭/૦૭/૨૦૦૯ના ઠરાવથી અનુસૂચિત જાતિની કન્યાઓને તેમના લગ્નપ્રસંગે રૂ.૫,૦૦૦/- સહાય આપવામાં આવે છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક(૩) પરનાતા.૧૫/૧૧/૨૦૧૧ ના પત્ર થી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ એ કરેલ દરખાસ્ત અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

અનુસૂચિત જાતિની ની કન્યાઓને તેમના લગ્નપ્રસંગે આપવામાં આવતી સહાય રૂ.૫,૦૦૦/-માં વધારો કરીને **રૂ.૧૦,૦૦૦/-** કરવા તથા યોજના માટે કન્યાના વાલી ની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૦,૦૦૦/ ના બદલે અને **૨૭,૦૦૦/-** અને શહેરી વિસ્તારમાં રૂ.૨૫,૦૦૦/- ના બદલે રૂ. **૩૬,૦૦૦/-** કરવાનું નક્કી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૧૫૦.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે

(૧) આ ખર્ચ તા.૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણા વિભાગ ધવારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજના ના લાભાર્થી ઓ ની યાદી નિભાવવા ની રહેશે ચૂકવણુ ચેકથી કરવાનું રહેશે.

(૫) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

(૬) આ યોજનાનો અમલ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિઓ,અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય ખર્ચ, (૦૬) બીસીકે-૫૫ અનુસૂચિત જાતિ પેટા યોજના અનુસૂચિત જાતિની કન્યાઓને કુંવરબાઇનું મામેરાની નાણાકિય સહાય સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગ ની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ની તા.૨/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

(શ્રીમતી એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

-નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધીકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..